# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઈ, ૨૦૧૬, મંગળવાર ; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ડોપ ટેસ્ટનો મામલો પ્રધાનમંત્રી પાસે પહોંચ્યો

નવી દિલ્હી, તા. ૨૫

રિયો ઓલિમ્પિકમાં ભારત તરફથી નરસિંહ યાદવના પ્રતિનિધિત્વને લઈને સર્જાયેલા વિવાદનો મામલો હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચી ગયો છે. હકીકતમાં કુશ્તીમાં ૭૪ કિલો વર્ગમાં ભારત તરફથી પસંદગી પામેલા નરસિંહ યાદવ ડોપ ટેસ્ટમાં ફેલ થયો છે. જેના કારણે તેના રિયો જવા ઉપર શંકાના વાદળો ઘેરાઈ ગયા છે. દરમિયાનમાં ફેડરેશને જાહેરમાં નરસિંહનું સમર્થન કર્યું છે. આજ દિશામાં કુશ્તી સંઘના અધ્યક્ષ વૃજભૂષણ યાદવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને તેમની સમક્ષ રજુઆત કરી હતી. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની કોપીની પણ માંગ કરી છે.

# કાળીયાર-ચિન્કારા શિકાર કેસમાં સલમાન નિર્દોષ

**રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદો આપતા સલમાનના ચાહકોને રાહત : બે જુદા જુદા કેસોમાં સલમાનખાન પર ગંભીર આક્ષેપ મુકાયા હતા : નીચલી અદાલતના પાંચ વર્ષની સજાના ચુકાદાને પડકાર ફેંકીને અરજી કરાઈ હતી**



જોધપુર,તા. ૨૫

બોલિવુડના સુલ્તાન સલમાન ખાનને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે રાજસ્થાન હાઈકોર્ટે કાળિયાર-ચિન્કારા શિકાર કેસમાં સલમાન ખાનને નિર્દોષ જાહેર કર્યો હતો. નિચલી અદાલતના ચુકાદાને પડકાર ફેંકીને સલમાન ખાન દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. નીચલી અદાલતે સલમાનખાનને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. રાજસ્થાન હાઈકોર્ટના આજના ચુકાદા પર તમામ બોલિવુડના લોકો અને સલમાનના કરોડો ચાહકોની ચાંપતી નજર હતી. રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો આવે તે પહેલા કોર્ટની આસપાસ મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. શિકારના બે કેસમાં સલમાનને અગાઉ સજા કરવામાં આવી હતી. મે મહિનાના છેલ્લા સપ્તાહમાં સુનાવણી પૂર્ણ કરી લેવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટ દ્વારા ચુકાદા અનામત રાખવામાં આવ્યો હતો. સલમાન ખાન અને અન્ય સાત આરોપીને બે અલગ અલગ બનાવોમાં કાળિયાર અને ચિન્કારાના મોતના મામલામાં દોષિત હતા. ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૮ના દિવસે જોધપુરના પરાવિસ્તારમાં ભવાડ ખાતે બનાવ

● અનુસંધાન પાન-૭ પર

## વેસ્ટ ઈન્ડિઝ પર ભારતની ઈનિંગ્સ અને ૯૨ રને જીત

**અશ્વીને તરખાટ મચાવીને સાત વિકેટ ઝડપી : વિન્ડીઝ ટીમ તેના બીજા દાવમાં ૨૩૧ રનમાં ઓલઆઉટ**



એન્ટીગુઆ,તા. ૨૫

એન્ટીગુઆ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં પ્રવાસી ભારતીય ટીમે વિન્ડીઝ પર એક ઈનિંગ્સ અને ૯૨ રને જીત મેળવી હતી. ભારત તરફથી અશ્વીને જોરદાર તરખાટ મચાવીને સાત વિકેટ ઝડપી હતી. પ્રથમ ટેસ્ટમાં શાનદાર દેખાવ કરનાર અશ્વીનની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. અશ્વીને બેટિંગમાં પણ જોરદાર દેખાવ કર્યો હતો અને ભારતની ઈનિંગ્સમાં સદી પણ ફટકારી હતી. આ ટેસ્ટ મેચ અશ્વીને પોતાના માટે યાદગાર બનાવી હતી. આ ઉપરાંત કેપ્ટન કોહલીએ બેવડી સદી પણ કરી હતી. વિન્ડીઝની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૨૩૧ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ચોથા દિવસે ભારતીય ટીમ જીત માટેની ઔપચારિકતા આજે પૂર્ણ કરી હતી. એન્ટીગુઆમાં સર વિવિયન રિચડર્સ

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબથી દૂર રહેવા કહેવાયું : નવજોત સિદ્ધુ


**રાજ્યસભામાંથી રાજીનામું આપવા અંગે ખુલાસો કર્યો : એએપીમાં સામેલ થશે કે કેમ તે અંગે કોઈપણ જાહેરાત સિદ્ધુએ ન કરતા હજુ રાજકીય વર્તુળોમાં સસ્પેન્સ : ભાજપ છોડવા અંગેની પણ જાહેરાત કરી નહીં**



નવી દિલ્હી, તા.૨૫

રાજ્યસભાના સાંસદ પદથી રાજીનામું આપી દીધા બાદ પ્રથમ વખત નવજોત સિદ્ધુ આજે મીડિયા સામે આવ્યા હતા અને રાજીનામું આપવાના સંદર્ભમાં વિસ્તારપૂર્વક વાત કરી હતી પરંતુ આમ આદમી પાર્ટીમાં સામેલ થશે કે કેમ તે અંગે કોઈ વાત ન કરતા ભારે સસ્પેન્સની સ્થિતિ રાજકીય વર્તુળોમાં યથાવત રહી હતી. એકબાજુ નવજોત સિદ્ધુને ભાજપમાં જાળવી રાખવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નવજોત સિદ્ધુને મનાવી લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજી બાજુ એએપી દ્વારા નવજોત સિદ્ધુને પોતાની તરફ ખેંચવાના પણ તમામ પ્રયાસ થઈ રહ્યા છે. નવજોત સિદ્ધુએ એએપીમાં સામેલ થશે કે કેમ તે અંગ પૂછવામાં આવતા કોઈ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. સિદ્ધુએ કહ્યું હતું કે આ મુદ્દા ઉપર હાલમાં વાત કરવાની જરૂર નથી. નવજોત સિદ્ધુએ પત્રકાર પરિષદ યોજીને રાજ્યસભામાંથી રાજીનામા અંગે વાત કરી હતી. સિદ્ધુએ કહ્યું હતું કે પંજાબથી દુર રહેવા તેમને કહેવામાં આવ્યું હતું. જેથી રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું હતું. સિદ્ધુએ ભાવનાશીલ બનીને કહ્યું હતું કે તમામ ધર્મથી સૌથી મોટા ધર્મ તરીકે રાષ્ટ્રધર્મ હોય છે.

● અનુસંધાન પાન-૭ પર



વિદેશી પ્રવાસીઓ - પાટનગરના પાદરે આવેલ પ્રસિદ્ધ અડાલજની વાવ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે... અડાલજની વાવમાં છેલ્લા દાયકાથી ઉત્તરોત્તર વિકાસને પગલે વિદેશી પ્રવાસીઓ મોટી સંખ્યામાં મુલાકાત લઈ અદભૂત ક્ષણોને કેમેરામાં કેદ કરે છે... આ ઉપરાંત અડાલજની વાવ ફિલ્મ શુટીંગ માટે પણ હોટ ફેવરીટ લોકેશન બન્યું છે...

# વિરમગામ રમખાણ કેસમાં સાતને આજીવન

**ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી ભારે સનસનાટી : ટ્રાયલ દરમ્યાન ઉતાર-ચડાવની સ્થિતિ બાદ હાઈકોર્ટનો ચુકાદો : અન્ય બેની આજીવન કારાવાસ સજા યોગ્ય ઠેરવી : કુલ ૧૦ પૈકી ૯ને આજીવન કારાવાસ**

અમદાવાદ, તા. ૨૫

વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ રાજ્યભરમાં ભડકી ઉઠેલા કોમી રમખાણના ગાળા દરમ્યાન વિરમગામમાં ત્રણ સભ્યોને મોતને ઘાટ ઉતારી દેવા બદલ ગુજરાત હાઈકોર્ટે આજે સાત આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. હાઈકોર્ટે અન્ય બે અપરાધીઓ માટે પણ આજીવન કારાવાસની સજાને યોગ્ય ઠેરવવાની વાત કરી હતી. આની સાથે જ વિરમગામમાં થયેલા કોમી રખામણમાં નવ આરોપીનો આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાથી આજે જોરદાર સોંપો પડી ગયો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા અન્યોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. જસ્ટીસ હર્ષ દેવાંગ અને બીરેન વૈશ્નવની બનેલી ડિવિઝન બેચે આ ચુકાદો આપ્યો હતો અને સજાના પ્રમાણની જાહેરાત કરી હતી. તેમણે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ડિવિઝન બેચે ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આજે સુનાવણી હાથ ધરી હતી. હત્યા અને અન્ય આરોપસર આ લોકોને નિર્દોષ છોડી મુકવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે અરજી કરવામાં આવી હતી. આ કેસમાં અમદાવાદ જિલ્લાના વિરમગામમાં ૪૦થી વધુ લોકોના ટોળાએ લઘુમતી સમુદાયના વિસ્તારમાં હુમલો કર્યો હતો અને ધાર્મિક જગ્યાઓને નુકસાન પહોંચાડ્યું હતું. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હુમલો કરવામાં આવ્યો હતો. આના એક દિવસ પહેલા જ અયોધ્યાથી પરત ફરી રહેલા ૫૯ લોકોને તોફાની ટોળાએ સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચને આગ ચાંપીને સળગાવી દેવામાં આવ્યા હતા. જેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને અમદાવાદ સહિત રાજ્યભરમાં રમખાણોનો દોર શરૂ થયો હતો. હિંસક ટોળાએ હુમલો કરીને ત્રણ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પોલીસ તપાસ ત્યારબાદ હાથ ધરાઈ હતી અને ટ્રાયલ કોર્ટે હત્યા બદલ બે લોકોને અપરાધી ઠેરવ્યા હતા અને તેમનો આજીવન કારાવાસની સજા ફટકારી હતી. અન્યોને હત્યાના આરોપમાંથી નિર્દોષ છોડ્યા હતા. અન્ય ચારને હળવા આરોપ હેઠળ દોષિત



ઠેરવવામાં આવ્યા હતા. તેમના પૈકી હાઈકોર્ટે હવે હત્યાના આરોપસર સાત લોકોને અપરાધી ઠેરવ્યા છે અને આજીવન કારાવાસની સજા ફટકારી છે. અન્ય બેને આજીવન કારવાસની સજાને પણ સમર્થન આપ્યું છે. સ્પેશિયલ પ્રોસીક્યુટર જે.એમ. પંચાલ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. જે લોકોને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે તેમાં તમામની ઓળખ કરી લેવામાં આવી છે. હાઈકોર્ટના ચુકાદાની સાથે હવે એકમાત્ર વ્યક્તિને આ કેસમાં નિર્દોષ છોડવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૦ના સાક્ષીઓ પૈકીના એક દોસ્ત મોહંમદે હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને પોલીસની નિષ્ક્રિયતાની વાત કરી હતી. હાઈકોર્ટે ત્યારબાદ આ કેસમાં ફરી તપાસ કરવા માટેનો તપાસકારોને આદેશ કર્યો હતો.

# સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં નોંધાયેલો નોંધપાત્ર વરસાદ

**રાજ્યના ૭૫ તાલુકાઓમાં ઝરમરથી ૪ ઈંચ : અમદાવાદમાં સરેરાશ ૨.૧૫ મીમી વરસાદ : સાબરમતીમાં પાણીની આવકમાં વધારો**

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં ૭૫ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં ઝરમરથી લઈને પાંચ ઈંચ સુધીનો વરસાદ થયો છે. મધ્ય-પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં સૌથી વધારે વરસાદ નોંધાયો છે. ઉત્તર-દક્ષિણ તથા કચ્છ પંથકમાં નહીવત જેવો વરસાદ નોંધાયો છે. પંચમહાલ જિલ્લાના મોરવા હડફમાં ૧૧૬ મીમી અને શહેરમાં ૧૩૦ મીમી વરસાદ થયો છે. મહિસાગર જિલ્લાના તાલુકાઓમાં બાલાસિનોરમાં ૮૩, ખાનપુરમાં ૩૬ મીમી વરસાદ થયો છે. સુરત જિલ્લાના તાલુકાઓમાં હળવો વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠના જિલ્લાના તાલુકાઓમાં પણ હળવો વરસાદ થયો છે. પાલનપુર, દાંતીવાડા અને ધાનેરામાં વરસાદ નોંધાયો છે. ડીસા અને લીંબડીમાં પણ વરસાદ નોંધાયો છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨.૪ અને લઘુત્તમ તાપમાન ૨૬.૯ ડિગ્રી રહ્યું હતું. પશ્ચિમી મધ્યપ્રદેશમાં અપર એયર સાઈક્લોનીક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે. દરમિયાન, અમદાવાદ શહેર સાથે આ વર્ષે મેઘરાજાએ જાણે કે રીસામણાં લીધા હોય તેમ સતત ઘેરાયેલા વાદળોની વચ્ચે પણ જે સમયે એમ લાગે કે વરસાદ તૂટી પડશે એ સમયે શહેરીજનોને હળવા વરસાદથી સંતોષ માનવો પડી રહ્યો છે.શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૨.૧૫મી.મી વરસાદ નોંધાવા પામ્યો છે.જ્યારે કે મોસમનો કુલ વરસાદ ૧૨૪.૦૦ મીલીમીટર થવા પામ્યો છે.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર શહેરમાં શહેરમાં રવિવારની રાતથી બદલાયેલા વાતાવરણ અને વાદળોથી ઘેરાયેલા આકાશને જોઈ સૌ કોઈ અમદાવાદી નાગરીક એવી આશા સેવીને બેઠા હતા કે,જોરદાર વરસાદ પડશે.પરંતુ વરસાદે ફરી એક વખત અમદાવાદ શહેરને હાથતાળી આપતા શહેરમાં ચોવીસ કલાકની અંદર સરેરાશ માત્ર ૨.૧૫ મીલીમીટર જેટલો વરસાદ થવા પામ્યો છે.

મ્યુનિસિપલ કંટ્રોલરૂમ તરફથી મળતી વિગતો મુજબ,વાસણા બેરેજ ખાતે પાણીની સપાટી ૧૩૪.૭૫ ફૂટ નોંધાઈ છે. નર્મદા મેઈનકેનાલમાંથી સાબરમતી નદીમાં ૧૨૩૮ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે.જ્યારે કેનાલમાં જાવક ૧૨૫૦ ક્યૂસેક નોંધાવા પામી છે.કોઈ ગંભીર પ્રકારની ફરીયાદ કંટ્રોલરૂમને મળી નથી.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E 76, ELECTRONICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225